| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |


**તા.૨૪/૧૦/૨૦૨૩   મંગળવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ-   સમાચાર યાદી નં.૧૭૪૮/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૯ કેસ કરી, ૧૯ વ્યક્તિઓને ઝડપી, ૬૮ લીટર દેશી દારૂ, ૪૭ બોટલ ઇંગ્લીશ દારૂ, ૩૧૬ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ અને ૧ પીક-અપ ડાલુ ગાડી કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૩ કેસ કરી, ૧૨ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૨૧,૫૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-   સમાચાર યાદી નં.૧૭૪૯/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

### ચોરીઃ-   સમાચાર યાદી નં.૧૭૫૦/૨૦૨૩

**કાગડાપીઠઃ** દમણ કોસ્ટ ગાર્ડ કવાર્ટસ ખાતે રહેતા દ્રષ્ટીકુંવર વા/ઓ જયપાલસિંહ સિસોદીયા (ઉ.વ.૨૪) (મુળ વતન. ગામ-પુનાસણ, તા-ભીલોડા જી-સાબરકાંઠા) તા.૨૧/૧૦/૨૦૨૩ કલાક ૫/૨૦ વાગ્યાના સુમારે ગીતામંદિર બસ સ્ટેશન પ્લેટ ફોર્મ નં-૧૧ ખાતે બસમાં ચઢતી વખતે અજાણી વ્યક્તિએ બેગની ચેઇન ખોલી બેગમાંથી સોનાનું મંગળસુત્ર કિમત રૂપિયા ૭૮,૦૦૦/- અને રોકડ રૂપિયા ૩૦૦૦/- સાથેનું લેડીઝ પર્સ ચોરી કરી લીધી હતી. આ અંગેની ફરીયાદ દ્રષ્ટીકુંવર સિસોદીયાએ તા.૨૩/૧૦/૨૦૨૩ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.બી.ચૌહાણ ચલાવે છે.

### ત્યજી દિધેલ મૃત શિશુ મળી આવવ બાબતઃ-   સમાચાર યાદી નં.૧૭૫૧/૨૦૨૩

**કાગડાપીઠઃ** તા.૨૩/૧૦/૨૦૨૩ બપોરના ૪/૦૦ વાગ્યા પહેલાં એસ.ટી.બસ સ્ટેશન ગીતામંદિર પ્લેટફોર્મ નં-૧૦ સામે ઈલેકટ્રીક સબ સ્ટેશનના પાછળના ભાગેથી ત્યજી દિધેલ તાજુ જન્મેલ નવજાત શિશુ (બાબો) મૃત હાલતમાં મળી આવતા કાગડાપીઠ પોલીસે અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો નોધી આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.બી.ચૌહાણ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી